વર્ષ ૨૦૨૬-૨૭ નવી બાબત

કમિશ્નરશ્રી (આઈસીડીએસ) માટે નવુ વાહન ખરીદી કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/NIE/e-file/23/2026/0090/B

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮/૦૨/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: ASI/30.2024/0825/G

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા. ૧૧/૦૪/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: PTD/PMO/efile/22/2022/1031/GH

(3) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૧/૦૧/૨૦૨૬ નો પત્ર ક્રમાંક: ICDS/STR/e-file/257/2024/0435/Logistic

પ્રસ્તાવના:

વંચાણે લીધા ક્રમાંક(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત આઇએએસ કેડરની જુનિયર સુપર-ટાઇમ સ્કેલની નિયામક(આઈસીડીએસ), ગાંધીનગરની જગ્યા હવે પછી સીનીયર સ્કેલની નવીન જગ્યા સાથે કમિશ્નર(આઇસીડીએસ), ગાંધીનગર અપગ્રેડ કરવામાં આવેલ છે જે સરકારશ્રીના સચિવશ્રીની સમકક્ષ તથા જવાબદારી વાળી રહેશે એવું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) થી રાજ્ય મંત્રીમંડળના માન.મંત્રીશ્રીઓ, માન.રા.ક.મંત્રીશ્રીઓ, રાજ્યની મુલાકાતે પધારતા મહાનુભાવો, સરકારશ્રીના અધિકારીશ્રીઓ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ, બંધારણીય સંસ્થાઓના પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ, સરકારશ્રીના બોર્ડ/કોર્પોરેશન/કમિશન/જિલ્લા અદાલત/સત્તામંડળ/ સંસ્થા/ફોરમના પદાધિકારીશ્રીઓ/ અધિકારીશ્રીઓ, તેમજ સરકારી અને અન્ય કચેરીઓ માટે નવી વાહન ખરીદ નીતિ અમલમાં મુકવામાં આવેલ છે.વંચાણે લીધા ક્રમાંક (૩) થી કમિશ્નરશ્રી, આઇ.સી.ડી.એસ. માટે નવું વાહન ખરીદવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ છે  જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં  કમિશ્નરશ્રી, આઇ.સી.ડી.એસ. માટે નવું વાહન ખરીદ કરવા માટે રૂ. ૦.30 કરોડની નવી બાબતને આથી નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

શરતો :-

(૧) પ્રસ્તુત બાબતનો ખર્ચ તા.૦૧-૦૪-૨૦૨૬થી કરવાનો રહેશે.

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં.

(3) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રીયા અનુસાર જાહેર હરાજીકરી ઉપજેલ

રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૪) વાહનની ખરીદી બંદરો અને વાહન વ્ય.વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃજીટીએસ/૧૦૨૦૧૩૩૧૯/ઘ ની ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલમારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) નવા ખરીદેલ વાહનની હિસ્ટ્રી શીટ અને લોગબુક નિભાવવાની રહેશે.

(૬) નવા વાહનની ખરીદી થયેથી વાહન માટે ડ્રાઈવરની જગ્યા ઉપલબ્ધ ન હોય તો ડ્રાઈવરની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઈ અનુસાર આઉટસોર્સથી લેવાની રહેશે. આ માટે અલગથી ડ્રાઈવરની કોઈ નવી જગ્યા ઊભી કરવાની રહેશે નહિ.

(૭) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માગણી નંબર: ૧૦૬

મુખ્ય સદર: ૪૨૩૫

પેટા મુખ્ય સદર: ૦૨

ગૌણ સદર: ૧૦૨

પેટા સદર: ૦૨

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની તા. ૦૪/૦૫/૨૦૨૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી.યુ.ગોસાઇ

Signature Not Verified
Signed by : Dhaval U Gosai
Under Secretary
Women and Child Development Department
Date : 2026.05.05 18:03:13 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વતંત્ર હવાલો)મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(3) સચિવશ્રી (આ.બા)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૪) સચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

(૫) સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૬) કમિશ્નરશ્રી(આઇ.સી.ડી.એસ.) મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૭) નાણા સલાહકારશ્રી (મ.બા.વિ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ

(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૧૦) સેક્શન અધિકારીશ્રી, (બજેટ) શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૧૧) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને અને બાળ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૧૨) સિલેકટ ફાઇલ.

Signature Not Verified
Signed by : Dhaval U Gosai
Under Secretary
Women and Child Development
Department
Date : 2026.05.05 18:03:13 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign